વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૪ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ફેબ્રુઆરી - ૨૨, ૨૦૧૮

# ૨૦૧૮-૧૯નું કેન્દ્ર સરકારનું બજેટ
# મહત્વકાંક્ષા, પણ કોની ?

દર વર્ષની જેમ આ વરસે પણ માનનીય નાણામંત્રી એ વર્ષ ૨૦૧૮-૧૯નું અંદાજપત્ર તારીખ ૧લી ફેબ્રુઆરીએ લોકસભામાં રજુ કર્યુ. આ બજેટને ખૂબ જ મહત્વાકાંક્ષાવાળું (AMBITIOUS) કહી શકાય. પણ, મહત્વાકાંક્ષા કોની ?

આ અંદાજપત્ર મુખ્યત્વે ગરીબ-ખેડૂત તથા ગ્રામ્યલક્ષી રહ્યું, જેમાં સ્વાસ્થ્ય, માળખાકીય સગવડો-શિક્ષણ-ખેડૂતોને ન્યૂનતમ ટેકાના ભાવો તથા ખેત પેદાશોના વેચાણ ઉપર સૌથી વધારે મહત્વ આપયું.

મધ્યમ વર્ગના લોકો ઉપર કરનો બોજ વધારવામાં આવ્યો, જ્યારે નાણાંકીય સેવાઓમાં કોઇ ખાસ ફેરફાર કરવામાં ના આવ્યો.

**બજેટ (અંદાજપત્ર)ના મુખ્ય મુદ્દાઓ:**

(૧) અત્યાર સુધીના દેશના બધા જ અંદાજપત્રોની સરખામણીમાં સૌથી વધારે ખર્ચ ૨૪ લાખ ૪૨ હજાર કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે અને આ સાથે જ ઓછામાં ઓછી ખાધ જી.ડી.પી.ના ૩.૩% અંદાજવામાં આવી છે.

(૨) **સ્વાસ્થ્ય:**

- વિશ્વમાં સૌથી મોટી ''નેશનલ હેલ્થ પ્રોટેક્શન'' યોજના શરૂ કરવામાં આવશે, જેમાં ૧૦ કરોડ ગરીબ કુટુંબોને (કુલ ૫૦ કરોડ લોકોને) રૂ.૫ લાખ સુધીની 'વીમા' દ્વારા સહાય આપવામાં આવશે.

  **નોંધ:** જો કે આટલી મોટી યોજનાના અમલીકરણ માટે બજેટમાં ફક્ત રૂ.૨૦૦૦/- કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જો કે, નાણાંમંત્રીશ્રી એ જણાવ્યું કે બીજી રૂ.૯૦૦૦/- કરોડની જોગવાઇ જરૂર પડે અંદાજપત્રમાંથી કરવામાં આવશે. જો કે આટલી જોગવાઇ પણ પૂરતી નથી. આ યોજનામાં ૭૦% ખર્ચ કેન્દ્ર સરકારનો તથા ૩૦% ખર્ચ રાજ્ય સરકારનો રહેશે. યોજનાની અમલીકરણ એક મોટો પડકાર રહેશે. આ યોજનાનો લાભ ખાનગી હોસ્પિટલો તથા ડૉક્ટરોને મળશે તેવી શંકા પણ કેટલાક નિષ્ણાંતોએ બતાવી છે. જો કે, આ યોજનાના પ્રયત્નોને જરૂર બિરદાવવા જોઇએ.

- સમગ્ર દેશમાં ૧.૫૦ લાખ સ્વાસ્થ્ય કેન્દ્ર ખોલશે જેમાં ગરીબ લોકોને મફત સ્વાસ્થ્ય સેવાઓ મળશે. કોઇ પણ ખાનગી કંપની આરોગ્ય કેન્દ્રને એડોપ્ટ કરી શકશે.

  **નોંધ: સ્વાસ્થ્ય કેન્દ્રની ગુણવત્તા સુધારવી જરૂરી રહેશે.**

(૩) ખેત ઉત્પાદકોને ન્યૂનત્તમ સમર્થન કિંમત (Minimum Support Price) આપવામાં આવશે, જે તેમના ઉત્પાદનના ખર્ચથી ૫૦% વધારે હશે.

**નોંધ:** આ માટેની ફોર્મ્યુલા નીતિ આયોગ નક્કી કરશે. નિષ્ણાંતોની એક ચિંતા છે કે ખેડૂતોના હાથમાં વધુ આવક આવવાથી દેશમાં મોંઘવારી વધશે.

(૪) **વ્યક્તિગત માળખાકીય સગવડો**

- **અફોર્ડેબલ મકાનો:** વર્ષ ૨૦૧૮-૧૯માં દેશમાં કુલ ૧ કરોડ ગરીબો માટે ઘર બનાવવામાં આવશે. ૫૦ લાખ મકાનો શહેરોમાં તથા ૫૧ લાખ મકાનો ગ્રામીણ વિસ્તારમાં બનાવવામાં આવશે.
- **રાંધણ ગેસ:** ઉજ્વલા યોજના હેઠળ વધુ ૩.૩૪ કરોડ ગરીબ મહિલાઓને રાંધણ ગેસની સુવિધા આપવામાં આવશે. આ સાથે દેશમાં આ વર્ષના અંતે કુલ ૮ કરોડ મહિલાઓને રાંધણ ગેસની સગવડ મળી રહેશે.
- **શૌચાલય:** આ વર્ષે ૨ કરોડ નવા શૌચાલયો બનાવવામાં આવશે.
- વીજળી: ૪ કરોડ પરિવારોના ઘરોમાં વીજળી પહોંચાડવામાં આવશે. સન ૨૦૨૨ સુધીમાં દેશના બધા જ ઘરોમાં વીજળી મળી રહેશે.

(૫) વાહન વ્યવહાર માળખાકીય સગવડો માટે રૂ.૫.૯૭ લાખ કરોડની ફાળવણી કરવામાં આવશે. અંદાજપત્રમાં વધુમાં વધુ ફાળવણી વાહનવ્યવહારની માળખાકીય સગવડો માટે કરવામાં આવી છે.

- **રેલવે માટે** રૂ.૧.૪૮ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે,
  - સમગ્ર રેલવે લાઇન બ્રોડગેજમાં તબદીલ કરવામાં આવશે.
  - રેલવેની સલામતી તથા સુધાર માટે તથા સ્ટેશનના સુધાર માટે વધુ ફાળવણી કરવામાં આવી છે.
  - નવી એક પણ ટ્રેન શરૂ કરવામાં નહિ આવે.
- **રસ્તા:** ૯૦૦૦ કી.મી. હાઈવે બનાવવામાં આવશે.
- **એરપોર્ટ:**
  - એરપોર્ટની જગ્યા પાંચ ગણી વધારવામાં આવશે.
  - નાના શહેરોને હવાઇ સેવા દ્વારા જોડવામાં આવશે.

(૬) **શિક્ષણ:**

- નવી સરકારી મેડીકલ કોલેજો: સમગ્ર દેશમાં ૨૪ નવી સરકારી મેડીકલ કોલેજો ખોલવામાં આવશે. દર ત્રણ લોકસભા વિસ્તારોની વચ્ચે એક મેડીકલ કોલેજ ખોલશે.

  **નોંધ:** આ માટે જિલ્લાની હોસ્પિટલોનો ઉપયોગ કરવામાં આવશે. પરંતુ જિલ્લાની હોસ્પિટલોની ગુણવત્તા વધારવી જરૂરી છે.
- અનુસૂચિત જનજાતિના બાળકો માટે નવોદય વિદ્યાલય-એકલવ્ય સ્કૂલ ખોલાશે. જે વિસ્તારોમાં ૫૦% થી વધુ અનુસૂચિત જનજાતિ અને ઓછામાં ઓછી ૨૦,૦૦૦ આદિવાસી જનસંખ્યા હશે ત્યાં સ્કૂલોનું નિર્માણ થશે.
- ૧૮ નવી આઇ.ટી. આઇ. ખોલાશે.
- શિક્ષણની ગુણવત્તા વધારવા ઉપર ભાર આપવામાં આવશે.
- સ્કૂલોના બ્લેક બોર્ડને ડિજીટલ બોર્ડમાં ફેરવવાની યોજના છે.

(૭) **કૃષિ વિકાસ બજાર:**

- દરેક જિલ્લામાં કલસ્ટર મોડેલથી કૃષિ વિકાસ કરવામાં આવશે.
- ૪૨ મેગા ફૂડ પાર્કનું દેશભરમાં નિર્માણ કરવામાં આવશે. આ પાર્કમાં ટામેટા, ડુંગળી-બટાકાનું પ્રોસેસિંગ થશે જેથી ખેડૂતોને પણ ઉપજની કિંમત મળશે.
- ૨૨૦૦૦ ગ્રામ્ય કૃષિ હાટ નવા વિકસીત થતા અપગ્રેડ કરવામાં આવશે. જેમાં ૪૭૦ કૃષિ પ્રોડયૂસર્સ માર્કેટ કમિટીને ઇ.પ્લેટફોર્મ સાથે જોડવામાં આવશે.
- જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે. મત્સ્ય ઉછેર, પશુ-પાલન ક્ષેત્રના વિકાસ માટે રૂ.૧૦,૦૦૦/- કરોડનું ફંડ ફાળવવામાં આવશે.
- રાષ્ટ્રીય વાંસ મિશનને રૂ.૧૨૯૦ કરોડ રૂપિયા ફાળવાશે-''વાંસ લીલું સોનું છે'' તેને વિકસાવવામાં આવશે.

(૮) દલિત તથા બેકવર્ડ ક્લાસના વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ માટે રૂ.૯૫૦૦૦/- કરોડની ફાળવણી કરવામાં આવી.

(૯) **રોજગારી:** આ વર્ષે દેશમાં ૭૦ લાખ નવી નોકરીઓ ઉભી કરવાનો ધ્યેય છે.

**નોંધ:** સન ૨૦૨૦ સુધી રાષ્ટ્રીય કૌશલ વિકાસ સ્કીમ અંતર્ગત રાષ્ટ્રીય કૌશલ વિકાસ કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે. ૫૦ લાખ યુવાનોને સ્કૉલરશીપ અપાશે.
દરેક જિલ્લામાં કૌશલ વિકાસ કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે.

(૧૦) **નાણાંકીય ક્ષેત્રે:**

- સેલ્ફ હેલ્પ ગ્રુપને વધુ ધિરાણ આ વર્ષે રૂ. ૭૫૦૦૦/- કરોડની ધિરાણ આપવામાં આવશે.
- સુકન્યા સમૃદ્ધિ હેઠળ ૧.૨૬ કરોડ નવા ખાતા ખોલવામાં આવશે.
- રૂ.૧૦૦/- કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી ફાર્મર પ્રોડયૂસર કંપનીઓને કોર્પોરેટ ટેક્ષ ભરવો નહી પડે.
- એમ.એસ.એમ.ઇ.ને ટેક્ષની રાહત: રૂ.૨૫૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓને ૨૦૧૮-૧૯માં ૨૫% ટેક્ષ આપવાનો રહેશે જે પહેલા કરતાં

ઓછો છે.

- મુદ્રા દ્વારા આ વર્ષે રૂ.૩ લાખ કરોડનું ધિરાણ સ્વ-રોજગાર કરનાર વ્યક્તિઓને બેંકો-માઇક્રો ફાઈનાન્સ કંપની દ્વારા આપવામાં આવશે.
- પગારદારો ઉપર ટેક્ષનો બોજો: પગારદારોને શિક્ષણ વેરા થકી ૧% પર ચાર્જ (ટેક્ષ ઉપર) આપવાનો રહેશે. જો કે રૂ. ૪૦,૦૦૦/-ની વધુ આવક ઉપર ટેક્ષ ભરવાનો રહેશે નહીં.
- વૃદ્ધ નાગરિકોને રાહતઃ
  (૧) અત્યાર સુધીની વ્યાજની આવક રૂ.૧૦,૦૦૦/- ઉપર ઇન્કમ ટેક્ષ ભરવો પડતો હતો તે હવે રૂ.૫૦,૦૦૦/- ઉપર ભરવો પડશે. એટલે કે વ્યાજ ઉપર ટેક્ષમાં રૂ.૫૦,૦૦૦/- સુધી રાહત મળશે.
  - હોસ્પિટલના ખર્ચ ઉપર રૂ.૧લાખ સુધી ટેક્ષમાં રાહત મળશે.
  - લોંગ ટર્મ કેપિટલ ટેક્ષ : રોકાણકારોને તેમના રોકાણ ઉપરના લાંબા ગાળાના નફા ઉપર ૧૦% ટેક્ષ ભરવો પડશે.
  - રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, ગર્વનરના પગારમાં વધારો કરવામાં આવ્યો. સંસદોને દર પાંચ વર્ષે મોંઘવારીના દર મુજબ પગાર વધારો મળશે.

**(૧૧) પર્યાવરણઃ**

ખાસ યોજનાઃ હરિયાણા , પંજાબ, ઉત્તરપ્રદેશ તથા દિલ્હી માટે રાજ્યમાં થતી ખેત પેદાશો બાદની વ્યવસ્થા કરવામાં જરૂરી રકમની રાહત આપવામાં આવશે.

**(૧૨) મહિલાઓને પ્રવિડન્ટ ફંડમાં રાહતઃ** નોકરિયાત મહિલાઓને પહેલા ત્રણ વર્ષ તેમના પગારમાંથી-તેમની કપાત ફક્ત ૮% કરવામાં આવશે. (સામાન્ય રીતે ૧૨% થતી હોય છે) જેથી તેમની આવકમાંથી ૪% ઓછી કપાત થશે.

**નોંધઃ** અંદાજપત્રમાં આ વર્ષે મહિલાઓ માટે કાંઇ જ જોગવાઇ કરવામાં આવી નથી. આ જોગવાઇ (પી.એફ. ઓછું કાપવાથી) ખરેખર મહિલાઓને કોઇ લાભ થવાનો નથી. તેમની લાંબા ગાળાની બચત ઓછી થશે.

આ વર્ષનું અંદાજપત્રમાં ખૂબ જ મહત્વકાંક્ષી પરંતુ વાસ્તવિકતાથી દૂર લાગ્યું. એક વર્ષમાં એટલું બધું કામ કરવું અવાસ્તવિક છે. ''રાત ટૂંકી અને વેશ ઝાઝા લાગે છે''. ખાસ કરીને જ્યારે ઘણી વસ્તુઓમાં સ્પષ્ટતા ઓછી છે. દા.ત. ખેડૂતોને ન્યૂનતમ સમર્થન કિંમતની ગણતરી નીતિ આયોગ નક્કી કરશે. નેશનલ હેલ્થ પ્રોડક્શનનાખર્ચની પૂરતી જોગવાઇ કરવામાં નથી આવી. હેલ્થ આરોગ્યના ક્ષેત્રે શુદ્ધ હવા અને સ્વચ્છ પીવાના પાણીની વ્યવસ્થા અંગે કશો જ પ્રયત્ન કરવાનો જણાતો નથી જે એક પાયાની ઊણપ લાગે છે. અંદાજપત્ર ચૂંટણીલક્ષી લાગે જ્યારે, ખાસ કરીને દેશનો મુખ્ય પ્રશ્ન રોજગારીનો છે, તેના માટે કોઇ ખાસ જોગવાઇ દેખાતી નથી. ખાલી કૌશલ્ય કેન્દ્રો કરવાથી રોજગારી વધે તે બહુ વાસ્તવિક લાગતું નથી.

જો કે, અંદાજપત્રની જોગવાઈઓમાંથી ૫૦% પણ જો અમલમાં આવે તો પણ દેશના ગ્રામીણ વિસ્તારના ખેડૂતોને લાભ થશે.

**- જયશ્રી વ્યાસ**
મેનેજીંગ ડિરેક્ટર
'સેવા' સહકારી બેંક

❑

# એ... આ જી.એસ.ટી. આવ્યું !

અમદાવાદનાં માથોડા-હાથલારીની વાત કરું. આ કાપડના જથ્થાબંધ બજારોમાં તો સન્નાટો છે. પહેલાં તો બજારમાં જઇએ તો, પગ મૂકવાની ય જગ્યા ના હોય. સડસડાટ ટેમ્પા, હાથલારી, પેડલ રીક્ષા, વાહનો આવતાં-જતાં હોય. ટેમ્પાના પોંપ-પોંપ હોર્નથી તેમજ માથોડા બેનો કાપડની ગાંસડીઓ માથે મૂકીને કે પછી લારીમાં કે ટેમ્પામાં માલ મૂકી એક બજારથી બીજા બજાર જતાં દેખાતાં મજૂરો હોય કે પછી ફટા-ફટ પાર્સલ સીવીને ખડકતાં મજૂરો દેખાય.

તેની જગ્યાએ કામદારો આજે દુકાનની બહાર પાર્સલની રાહ જોતા કે ટોળામાં વાતો કરતાં દેખાય છે. તેઓ કહે છે કે, આ પરિસ્થિતિ છે જી.એસ.ટી.ને કારણે...

''બેન, પહેલાં નોટબંધી આવી. માંડ ઉભા થઇએ છીએ ને વળી આ જી.એસ.ટી. માથે આવ્યું!''

માથોડા કામદાર સુષમાબેન ઠાકોરને ખૂબ અકળામણ છે. ''હું સિંધી માર્કેટમાં કામ કરું છું. મારી દાદી, મમ્મી ને હવે હું ત્રીજી પેઢી છું. પણ આવો માહોલ પહેલા ક્યારેય નથી જોયો તેવું મારી મમ્મી કહે છે. આ જી.એસ.ટી.એ તો કામ પર પાણી ફેરવી દીધું. બેન શું કહીએ ? મહિનાના ૧૫ દિવસ માંડ કામ મળે છે આવું છેલ્લા ૩ મહિનાથી ચાલે છે પહેલા રોજના જે રૂ.૨૦૦ કમાતા તે સીધા ૬૦થી ૧૦૦ રૂ. મળે અને તેમા કામ મળવાના ઠેકાણા નથી.''

''આજની જ વાત કરું તો અત્યારે સાંજનાં ૫.૦૦ વાગ્યા છે. આખા દિવસમાં ફક્ત રૂ.૪૦નો એક ફેરો જ થયો છે.અમારા ઘરના ૫ સભ્યો ભેગા મળી કામ કરીએ ૧ દુકાનના ૩૦થી ૩૫ પાર્સલ નીકળતાં તે હવે ફક્ત ૯ પાર્સલ નીકળે છે. આવા નિયમો આવે પણ અમારા જેવા શ્રમજીવીનો શું વાંક ? અમુક કુટુંબ તો એવા છે કે તેમને તો ખાવાના પણ ફાંફા પડી ગયા છે. ને આ ઓછું હોય તેમ, આજકાલ પોલિસનો પણ ત્રાસ વધી ગયો છે. માંડ ટેમ્પો ભરીને કાઢીએ ને મેમો ફાડે રૂ.૧૦૦ દંડ ભરવો પડે! એટલે પાછા ઠેરના ઠેર... જે કમાયા તે અહીં ભર્યા. અમારો વાંક શું તે તો કોઇ બતાવો !''

આ અસર ફક્ત કામદારો પુરતી નથી. તેમાં વેપારી વર્ગને પણ ખૂબ માર પડયો છે. જેની સીધી અસર કામદારોના કામ પર આપણે જોઇ શકીએ છે. વેપારીઓ કહે છે જ્યારે જી.એસ.ટી. આવ્યું ત્યારે મસ્કતી મહાજને તેનો વિરોધ કરવા એક મહિનો હડતાળ રાખી, કામ બંધ રાખ્યું. રેલી કાઢી, સરકારને આવેદનપત્ર આપ્યું છતાં સરકાર સળવળી નહી ને એક મહિના અંતે બજાર શરૂ થયું. હવે પ્રશ્ન જી.એસ.ટી. શું છે ? તેને કેવી રીતે સમજવું ? ઘણી મથામણના અંતે અમુક વેપારીએ જી.એસ.ટી. નંબર લીધો. થોડા અંશે કામ શરૂ થયું. પણ, સામે જ્યાં માલની ડીલીવરી કરીએ તે વેપારી પાસે જી.એસ.ટી. નંબર ના હોય તો માલ પાછો આવે ૧૮% જી.એસ.ટી. કપાયો તે વળી ડબલ માર પડે. જી.એસ.ટી. ભરવા ગયાં ને સર્વર ડાઉન હોય તો વળી પાછો દંડ થાય. આમ ત્રેવડો માર પડે. અમુક લોકલ વેપારીઓ મુસ્લિમ છે જેમની પાસે નથી પાનકાર્ડ કે નથી કમ્પ્યુટરની વ્યવસ્થા. તેમણે શું કરવું તે પણ પ્રશ્ન! જી.એસ.ટી.ના કામ માટે એક વ્યક્તિ રોકવો પડે તેને પગાર આપવો પડે આ બધું ક્યાંથી પોસાય આ મંદીમાં. જ્યાં નવ કામદારો કામ કરતાં ત્યાં પાંચ કામદારો કર્યા. અમુક વેપારીઓ જથ્થાબંધ ને બદલે છૂટક વેચણ કરવા લાગ્યાં. આ રીતે દિવસો કાઢે છે. શહેરમાં આ પરિસ્થિતિ છે તો ગામડાનાં વેપારીઓની તો ક્યાં વાત થાય ? એવી ખબર પડી છે કે, અમુક વેપારીએ ધંધો બંધ કરી શેરબજારમાં ઝંપલાવ્યું. જી.એસ.ટી.ની અસર મજૂરી કરનાર વર્ગ, વેપારી વર્ગ તેમજ આ બજારોમાં ઉભા રહીને ખાણી-પીણીની ચીજ વસ્તુઓ વેચતાં શ્રમજીવીઓને પણ પડી! કામદારના પરિવારને પણ આની અસર થઇ છે. જે નરી આંખે દેખાતી નથી. પણ, આ સમજવા જેવું છે! બહેનોની આવક ઘટતાં હવે, બાળકોને ટયુશને નથી મોકલતાં. પહેલાં બહાર બજારમાં બપોર પડયે નાસ્તો કે જમવાનું કરતા તે બંધ કરી હવે ઘરેથી રોટલા લાવે છે. આ તંગીના સમયમાં જ્યાંથી જે બચે તે ખરું. આને લીધે બજારમાં જે ખાણી-પીણીની લારીઓ હતી તેમની આવક ઘટી તો કોઇ લારી બંધ કરીને જતાં રહયાં. મજૂર હોય કે, વેપારી કે, પછી હોય વેચનાર બધાં જ મીટ માંડી બેઠા છે કે આ પરિસ્થિતિ ક્યારે થાળે પડશે ?

**- ગીતા કોષ્ટી**

❑

## બે ટંક ખાવાનો જુગાડ...

આજે 'સેવા'માં સિલાઇ કામદારોના આગેવાનોની ધંધા સમિતિ હતી, તેમાં ફાતિમાબહેન કહે કે, આ જી.એસ.ટી. એ તો જીવ લઇ લીધો. ફેકટરીના માલિકો સિલાઇ કામ આપતા નથી. કેમ નથી આપતાં તેની સ્પષ્ટતા યે કરતા નથી ને કહે છે કે, ઉપરથી માલ આવતો નથી તો કેવી રીતે આપીએ ?

ફેમીદાબહેન શેખ 'સેવા'ના જૂના આગેવાન તે પણ ઉભા થયા ને ફાતિમાબહેનની વાતમાં સૂર પૂરાવતાં કહેવા લાગ્યાં કે, સિલાઇકામમાં ટોપ, લેગીસ ઓશીકાના કવર સિવતા અમે રોજના રૂ.૧૦૦/- કમાતાં પણ, અત્યારે કામ બંધ છે. મારા પતિ ગારમેન્ટની ફેકટરીમાં પેકિંગનું કામ કરે પણ, કારખાનું જી.એસ.ટી.ને લીધે બંધ થયું. જેને લીધે બે ટંકના ખાવામાં તેમજ બાળકોના ભણતરમાં ખૂબ તકલીફ થઇ છે. પતિ પણ બેરોજગાર બન્યા ! જેને લીધે ઘરમાં રોજ ઝઘડા થયા કરે છે. અત્યારે ૧૫ દિવસથી તેમના પતિ ભાડાની રિક્ષા ચલાવવા જાય છે.

ટોપી સિવતા રાબિયાબહેન રોજના રૂ.૧૫૦/- કમાતા પણ, જી.એસ.ટી.ને લીધે કામ બંધ છે! પતિને ટી.બી. થયો છે. તેમની દવા ચાલે છે અને કામ કરી શકતા નથી. રાબિયાબહેનની કમાણી પર આખું ઘર નભે. અત્યારે કામ નથી મળતું પણ તેમના ઠેકેદાર પોતે તેમના ઘરે આવી તેમની પરિસ્થિતિ જોઇ અને તેમને લાગ્યું કે, આ જરૂરિયાતવાળા છે તેથી જ્યારે પણ તેમની પાસે કામ આવે કે તરત તે બેનને બોલાવીને તેમને કામ આપવાનો પ્રયત્ન કરે છે કે, જેનાથી તેમનું ઘર તો ચાલે...!

વેપારી અને ઠેકેદારોને બહેનો પુછે કે બજારમાં સિલાઇનું કામ કેમ નથી ? કે બેનો જેની પાસે જુનો જથ્થો હશે તે થોડું થોડું કામ આપે છે. પણ, જેની પાસે માલનો ભરાવો છે તેમણે કામ બંધ કર્યુ છે. આગળ માલ જતો જ નથી ને ! જી.એસ.ટી. કપડાં પર ૧૨% લાગશે કે ૧૮% તે જ્યારે ફાઇનલ થશે ત્યારે પહેલાની જેમ કામ શરૂ થશે. અત્યારે કંઇ કહી શકાય તેમનથી. જી.એસ.ટી.ની બીજી અસર જોઇએ તો, ઘણાં શ્રમજીવી ઘરોમાં પતિ કે પુત્ર ગારમેન્ટ ફેકટરીમાં કામે જતાં હોય તો ત્યાં પણ ફેક્ટરી બંધ થતાં આ કુટુંબોને બેવડો માર પડયો છે. એક મોટો પ્રશ્ન ઘર ચલાવવું કેમ ? તેમાં પણ ખાવા-પીવામાં કાપ મુકયો છે. રોટલી સાથે શાકને બદલે ચટણી, વધારે પાણી નાંખી દાળ બનાવે કે ના પણ બનાવે છે. બાળકો નિશાળે જતાં હોય તો ફી ભરવી મુશ્કેલ થયું છે. ઉધાર રૂપિયા લાવી ફી ભરે છે. ગરીબ, શ્રમજીવી કે જેમનો મુખ્ય આધાર જ રોજી છે. આ નવા સુધારા કાયદામાં આવે છે તો તેની સીધી અસર આ શ્રમજીવીઓના કામ પર પડે છે. આવા સંજોગોમાં ટકવું તે આ શ્રમજીવી બહેનો માટે મોટો પડકાર બની જાય છે...

શહેરના જુદા જુદા વિસ્તાર જેવાં કે, શાહપુર, જુહાપુરા, ફતેહવાડી, સરખેજ, દરિયાપુર, ગોમતીપુરમાં આશરે ૧૫થી ૨૦ હજાર ઘરખાતા સિલાઇ કામદારો જે મુખ્યત્વે ટોપી, ફ્રોક, લેગીંસ, શર્ટ, ચણીયા, જીન્સ ચડ્ડી, થેલી, દુપટ્ટામાં લેસ, દરગાહના કવર પર લેસ, ખોળ, ઓશીકાના કવર સિવવાનું કામ કરે છે. આ કામદારો ૩૫થી ૪૦ વર્ષથી આ કામ કરે છે. અમુક કામદારો તો એવા છે કે, જે મિલમાંથી ચિંદી લાવીને તેના ખોળ, ઝભલાં, બાંડીયા ફ્રોક, ઓશીકાના કવર પહેલાં સીવતા. આ બધ્ધા જી.એસ.ટી.ની ઝપેટમાં આવી ગયાં છે. બહેનો આખા દિવસમાં ૨ થી ૩ ડઝન ફ્રોક, લેગીસ, ટોપ સીવે તો તેમને રૂ. ૧૫૦થી રૂ.૨૦૦ મળતાં. ચણિયા, દુપટ્ટામાં લેસ, દરગાહના કવર પર લેસ, ઓશીકાના કવર, ખોળ, ચડ્ડી, થેલી સીવે તો રોજના રૂ. ૧૦૦થી ૧૫૦ કમાતા આ કામદારો શાંતિથી, મહેનત-મજૂરી કરી રોજી રળતા જી.એસ.ટી.થી હેરાન પરેશાન છે. મોટાભાગે જોઇએ તો આ બેનોને રોજે રોજ કામ મળતું તે ક્યાંક

બંધ થયું તો ક્યાંક ૧૫ દિવસે મળે ને ક્યાંક અઠવાડિયે મળતું થઇ ગયું છે. વિસ્તારમાં જઇએ તો બસ એ જ વાત કે કામ નથી, શું કરીએ ? છેલ્લા ૪ મહિનાથી આ પરિસ્થિતિ ચાલે છે. વેપારી જયાં રોજ માલ આપતા તેના બદલે હવે ૧૫ દિવસ કે અઠવાડિયામાં ૧ ડઝન માલ વેપારી આપે. શાહપુર વિસ્તારમાં જયાં ગલીએ ગલીએ, ઘરે ઘરે ઓટલા પર મશીનો મૂકી બહેનો પોતાનું સિવવાનું કામ કરતાં તે વખતે આવવા-જવાની જગ્યા લોકોને મળતી નહતી. હવે કામ બંધ થવાથી જગ્યા જ જગ્યા દેખાય છે ! બહેનોના ઘર નાના એટલે ૧ મશીન પર ઘરમાં વહુ-દીકરી કામ કરે જયારે ઓટલા પર બેન પોતે મશીન મુકીને સીવે. હવે તો, દરિયાપુરમાં અઠવાડિયે ૬ નંગ કે ૧ ડઝન, જુહાપુરામાં ૧૫ દિવસમાં ૧ ડઝન કામ મળે. શાહપુરમાં તો લગભગ કામ બંધ જ છે. આ છે જી.એસ.ટી.ને કારણે વર્તાતી બહેનોના કામમાં અસર...

પણ આ શ્રમજીવીઓને આવી અસરમાંથી બહાર નિકળવું જ પડે ને ? નહી તો બે ટંકનું ખાવા જોગું કેમનું થાય ? હવે આ બહેનો ઓછી આવકવાળાં, ઓછી કુશળતાવાળા કામો જેવાં કે, ધાગા કટીંગ, ટોપમાં સ્ટોન લગાડવાનું કે ઘરે બેસીને પેકીંગનું કામ કરવા લાગ્યા છે તો અમુક બહેનો બંગલા કામે જતા થયા છે. આનાથી બહેનો રોજના ૪૦થી ૫૦ રૂ. કમાઇને પોતાના ઘર માટે ખાવાનો જુગાડ કરી લે છે...

- ગીતા કોષ્ટી, શબનમ

❑

## 'સેવા હેલ્થ માર્ટ': એક નવતર વિચારધારા

ઓહોહો !... કેટલી ભીડ છે અહી ? શું છે આજે કંઇ ? અરે અહી તો આર્યુવેદનું કિલનીક ચાલી રહયું છે. વાહ ! શું નવતર પ્રયોગ છે. નવી જ પ્રકારની દવાની દુકાન છે તે છે 'સેવા હેલ્થ માર્ટ' ચાલો મારી સાથે.

મારું નામ અમિષા ભટ્ટ, 'સેવા'ની લોક સ્વાસ્થ્ય મંડળીમાં છેલ્લાં ૨૫ વર્ષથી હું દવાની દુકાનમાં ફાર્માસિસ્ટ તથા બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવું છું. કારકિર્દીના આ ૨૫ વર્ષમાં લોક સ્વાસ્થ્ય મંડળીના ઉતાર-ચઢાવમાં હું હરહંમેશ સહભાગી રહી ચૂકી છું.

અમારી લોકસ્વાસ્થ્ય મંડળી દ્વારા ૧૯૯૨માં જયારે એલ.જી. હોસ્પિટલના કમ્પાન્ડમાં આપણી દવાની દુકાન ખોલવામાં આવી, ત્યારે તેનો મુખ્ય હેતુ હતો દર્દીને જીવનરક્ષક જરૂરી દવાઓ ગુણવત્તાયુક્ત મૂળતત્વવાળી વ્યાજબી ભાવે મળી રહે. તે સમયે દવા બજારમાં તથા લોકોમાં (જીનેરીક) દવાઓ વિશે ગેરસમજ હતી તેના માટે આપણી દવાની દુકાનો દ્વારા આ જિનેરીક દવાઓનો પ્રચાર-પ્રસાર કરી જાગૃતિ લાવવાનું કામ કર્યુ છે. આ કામ ૨૫ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવ્યું. જેની ડૉકટર્સ, દવા બજારના ડ્રીસ્ટ્રીબ્યુટર્સ, રીટેઇલર્સ તથા અમુક દવા કંપનીઓએ ખાસ નોંધ લીધી. લોકજાગૃતિએ પણ તેમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. લોકોને જિનેરીક દવાઓથી થતા નાણાંકીય લાભની અસર તથા ગુણવત્તાની ખાતરી થવા લાગી. ૨૫ વર્ષ પહેલાં શરૂ કરેલી આ લોકજાગૃતિની ચળવળે હાલ દવાબજારમાં અસરકારક પરિણામ બતાવ્યું છે. હાલ ઘણી સ્ટાન્ડર્ડ કંપનીઓ જિનેરીક દવાઓ બનાવે છે તથા તેની માંગ પણ વધી છે. લોકો આ અંગે ઘણાં જાગૃત થયા છે જે આનંદની વાત છે. જિનેરીક દવાઓ ઓછા ભાવે મળતી હોવાથી લોકો સભાનતાપૂર્વક વિચારતા થયા છે. લોકોની આ માંગ મુજબ હાલ વાસણા વિસ્તારમાં મંડળી દ્વારા 'સેવા હેલ્થ માર્ટ' ચાલુ કરવામાં આવી છે. મણિનગર વિસ્તામાં એલ.જી. હોસ્પિટલ અને સરસપુર વિસ્તારમાં શારદોબન હોસ્પિટલમાં દાખલ થતાં દર્દીઓ આપણે આપણાં ત્યાંની સ્થાનિક દવાની દુકાનોમાંથી રાહતદરે બ્રાન્ડેડ દવાઓ, જિનેરીક દવાઓ, સર્જીકલ આઇટમો મેળવી રહયાં છે. આ દર્દીઓ મુખ્યત્વે ડૉક્ટરે લખેલી બ્રાન્ડેડ દવાઓ જ મેળવવાનો આગ્રહ રાખે તે સમજી શકાય છે. રખેને એમના દર્દીની સારવારમાં ડૉક્ટર નારાજ થઇ જાય તો એટલે જિનેરીક માટે અચકાય છે !

હોસ્પિટલમાંથી મળી શકે નહીં તેવી દવાઓ લેવા માટે દર્દીઓનો એટલો બધો ધસારો હોય છે કે વાત ના પુછો... ક્યારેક ઈમરજન્સી, તો ક્યારેક સમયનો અભાવ, રોગની ગંભીરતા તો ક્યારેક હોસ્પિટલની લાંબી લાઇનો. આ બધા કારણસર દરેક દર્દી સાથે વ્યકિતગત સંકલન થઇ શકતુ નથી. ક્યારેક વળી અમુક દર્દીઓ રોગ, રોગીની ગંભીરતા વિશે ચર્ચા કરે ત્યારે, આપણી આંખમાં આંસુ આવી જાય. આવે વખતે આપણને તેમની સામાજીક, શારિરીક, માનસિક તથા નાણાંકીય પરિસ્થિતિ જાણીએ ત્યારે આપણા સમાજની કેટલીક ગંભીર વાસ્તવિકતા પણ જાણવા મળે છે. ત્યારે આપણે એમને ઉપયોગી થઇ શકાય તેથી સામાજીક સલામતી અંતર્ગત મળતાં લાભ આપવા પ્રયત્ન કરીએ છીએ. નાણાંકીય સહાય માટે પણ તેમને શકય હોય તો મફત અથવા વધુમાં વધુ ડિસ્કાઉન્ટ આપીએ છીએ. માનસિક રીતે ભાંગી પડેલાં દર્દીઓ તથા તેમના સગા માટે પણ તેમને જરૂરી માર્ગદર્શન, સાંત્વન અને આશા જીવંત રાખવા માટે પ્રેરણારૂપ દ્દષ્ટાંતો પણ આપીએ. આ બધું ખૂબ સમય માંગી લે તથા તેને લગતું વાતાવરણ પણ જોઇએ જે, 'સેવા હેલ્થ માર્ટ'માં છે.

હા, 'સેવા હેલ્થ માર્ટ'તો હાલ વાસણા વિસ્તારમાં ધૂમ મચાવી રહી છે.'સેવા'ની લોક સ્વાસ્થ્ય મંડળીનો દવાની દુકાન સાથે નો કંઇક નવતર પ્રયોગ ધીરેધીરે રંગ લાવી રહયો છે. જી, હા, સહી.. મંડળીની અન્ય દુકાનોની જેમ જ એલોપોથીની બ્રાન્ડેડ જીનેરીક દવાઓ, આર્યુવેદિક દવાઓ, સર્જીકલ આઇટમો રાહતદરે મળે છે. સવાલ થાય કે, આમાં, વળી નવું શું છે ? અહી દવાઓ ઉપરાંત ઓર્ગેનીક ( જૈવિક ખાતર પધ્ધાતિથી ઉગાડેલ) પ્રમાણિત ઉત્પાદનો જેવા કે મગ, ચોખા, ખાંડ, ગોળ, શીગ વગેરે મળે છે. પૌષ્ટિક,

સ્વાદિષ્ટ મુખવાસ પણ લોકોમાં પ્રિય છે. ૬૦%થી ૭૦% પ્રોટીનયુક્ત સ્વાસ્થ્યવર્ધક સ્પાયરૂલિના ના ખાખરા તથા ચોકલેટ તો ચાલી વિસ્તારમાં ધૂમ મચાવે છે. નજીકના વિસ્તારમાં રહેતા કાયમી ઘરાક છે જેમને, બ્લડપ્રેશર, ડાયાબીટીસ, થાઈરોઈડ, હૃદયની બિમારી, લકવો જેવી બિમારીઓ હોય જેમને કાયમી દવા લેવી પડતી હોય તેમને ઘેર બેઠાં દવાઓની ફ્રી હોમ ડિલીવરી કરાય છે. વળી, જે લોકો મોંઘા ભાવના વોકર કે કમોડ ખરીદી શકતા ન હોય તેમને તે ભાડે પણ આપીએ છીએ. જેનો જરૂરિયાતમંદ લોકો સંતોષપૂર્વક લાભ લે છે.

'સેવા હેલ્થ માર્ટ'માં બ્લડ પ્રેશર, ડાયાબિટિસ તથા વજન તેમજ, વાળના રોગોની સારવાર માટે સ્પેશ્યલ આર્યુવેદિક હેરકેર ટ્રીટમેન્ટ પણ વાસણા વિસ્તારમાં આવેલી કેન્સર હોસ્પિટલના દર્દીઓને વિશેષ વળતરથી તદ્દ્ન રાહતભાવે દવાઓ પૂરી પાડવામાં આવે છે.

બિમાર, પથારીવશ કે અશક્ત દર્દીઓ માટે એડલ્ટ ડાયપર તથા બેડશીટ (ડિસ્પોજેબલ) અહીં મળે છે. આવી વસ્તુઓ લેવા આવનાર દર્દીઓ સાથે જ્યારે વાતચીત કરતાં દર્દીની તથા તેના સગાઓની શારિરીક, માનસિક પરિસ્થિતિ સામાજીક, સંસારિક મુદ્દાઓની પણ વાત થાય. ક્યારેક તેમાં અંધવિશ્વાસ, રોગ વિશે પ્રચલિત કેટલીક ધાર્મિક માન્યતાઓ પણ જાણવા મળે છે. ક્યારેક લાંબા સમયથી રોગગ્રસ્ત દર્દી પ્રત્યે તથા ઘરડા માતા-પિતા પ્રત્યેનો પ્રેમનો અભાવ, તિરસ્કાર કે ધૃણા, અવગણના જેવી ગંભીર બાબતો પણ જોવા મળે છે. આવા સમયે તેમને માનસિક સાંત્વન તથા જીવન પ્રત્યેની રસરૂચિ કેળવવાનું કામ કરીએ છીએ જેથી, તેમના રોગનું દર્દ ઓછું થઇ જાય... તેમનામાં જીવન જીવવા માટેનો ઉત્સાહ સંચાર કરવો એ સામાજીક કાર્ય છે. વળી, લાંબી બિમારીથી કંટાળીને કે પરિવારની અવહેતિના કે વારંવાર બિમારીને લગતા ખર્ચાઓ પણ વ્યકિતને નિરાશામાં ધકેલી દેતા હોય છે. આ બદલાવ માટે અમે હંમેશ સમય આપીએ છીએ.

અહીં આર્યુવેદનો પણ પ્રચાર-પ્રસાર તથા વેચાણ કરવામાં આવે છે. જેના ભાગરૂપે દર મહિનાના ત્રીજા રવિવારે આર્યુવેદ નિષ્ણાંત વૈધ દ્વારા રોગોની સારવાર અપાય છે. જેમાં દર્દીનું કાઉન્સેલીંગ કરી તેને મફત માર્ગદર્શન તથા નિદાન કરવામાં આવે છે. આર્યુવેદ ઉત્પાદનો દ્વારા ઘણાં દર્દીઓને રાહત મળવાથી આપણી ગુણવત્તાવાળી આર્યુવેદિક પ્રોડકટ પર લોકોનો વિશ્વાસ વધી રહયો છે. વળી આર્યુવેદ પધ્ધતિથી થતા લાભ અને એલોપેથીથી થતી આડઅસરો અંગે લોકોમાં જાગૃતિ આવી રહી છે. હોસ્પિટલોમાં આવતા દર્દીઓ જ્યારે આપણી દવાની દુકાનથી દવાઓ લે ત્યારે તેમને બસ જલ્દી સાજા થઇ જવું હોય છે. એટલે તેઓ ચૂપચાપ ડૉકટરે લખેલ દવાઓ કોઇ પણ હિસાબે લઇ લે છે. જ્યારે અહીં આપણે કાયમી લેવાની દવાઓની લાંબા ગાળે થતી ગંભીર આડઅસરોની સમસ્યા અંગે દર્દીઓ સાથે તે અંગે ગંભીરતા જણાવી તેમને આર્યુવેદ તરફ વળવા માટે માર્ગદર્શન આપીએ છીએ. કેટલાંક રોગોને બાદ કરતાં આર્યુવેદ લાંબા ગાળાની, છતાં જડમૂળમાંથી રોગ કાઢનાર અસરકારક પધ્ધતિ હોવાથી તેના ઉત્તમ પરિણામ લોકો મેળવી ચૂક્યા છે.

આમ, હાલ 'સેવા હેલ્થ માર્ટ' વાસણા વિસ્તારમાં એક નવીનતમ રીતે દવા વેચાણ ઉપરાંત અન્ય આરોગ્યપ્રદ સેવાઓ આવી વિકસી રહી છે. જેમાં વિસ્તારના લોકો સહભાગી થઇ રહયા છે. 'મારું શરીર એ જ મારી મૂડી'ના સૂત્ર સાથેની આ નવતર પ્રયોગિક દવાની દુકાન દ્વારા સૌ સ્વસ્થ રહો, નિરોગી રહો, તે સાથે જય સેવા !

**- અમિષા**

❑

---

આપણી દવાની દુકાનમાં કેન્સર હોસ્પિટલમાંથી આવતાં કેટલાક દર્દીઓમાંના દૂદાભાઇના માટે તેમના સંબંધી દવા લેવા આવેલ જેમને આંતરડાનું કેન્સર હતું. તેમના કોઇ કુટુંબીજનો ન હતા કેન્સરગ્રસ્ત કફોડી હાલત, ઘરની આર્થિક પરિસ્થિતિ પણ સાવ નબળી. એવામાં કોઇ ભલા પાડોશી તેમને હોસ્પિટલમાં દાખલ કરી ગયા. પણ, તેમની દેખરેખ કરનાર કોઇ નહીં. પાડોશીએ સમાજસેવી ભાઇનો સંપર્ક કરીને આપણી દવાની દુકાનેથી તદ્દન ઓછા ભાવે તેમની દવા કરાવી. સમાજસેવક ભાઇ સાથેની વાતચીત દરમ્યાન તેમને સિવિલ હોસ્પિટલમાં તદ્દન મફત કેન્સર સારવાર માટે તે દર્દીને લઇ જવા જણાવ્યું. તો સમાજસેવક ભાઇ ખૂબ ગદગદિત થઇ આભાર માન્યો કે, તેમને સારી રીફરલ સેવાનો લાભ મળી શક્યો !

બીજા એક બેને તેમની આર્થિક પરિસ્થિતિ જોઇ તેમની કાયમી લેવી પડતી દવાઓ જેનો ખર્ચ અંદાજે ૨૨૦૦/- રૂ. જેવો થતો હતો તે જીનેરીક દવા વિશે સમજ આપતાં તેમને ખર્ચ લગભગ ૭૦૦/- રૂ. જેટલો ઓછો થયો. વળી તેમને એ પણ પ્રશ્ન થયો કે, તમારું વેચણ તમે ઓછું કર્યુ, પણ તમે અમને મદદ કરી. આવી તે કેવી મજાની દવાની દુકાન ?

દવાઓ સાથે કેટલાંક દર્દીઓને ખાવાપીવાના તથા અન્ય આરોગ્યપ્રદ ટેવો માટેની સલાહસૂચનથી લોકોને દવાની દુકાન નહીં, પણ પોતાના કોઇ અંગત શુભેચ્છક જેવી આરોગ્યસેવા માટે માન થયું.

એક બાળક જે ધો.૧૨માં બોર્ડમાં છે. તેના પિતા હયાત નથી. માતા તેના બાળકના ખૂબ જ નબળા અભ્યાસ અંગે ચિંતિત રહેતા બે દીકરાને બોલાવી તેના કુટુંબ પ્રત્યે જવાબદારી, માતાની ચિંતા અને અભ્યાસ માટે શક્ય કાઉન્સેલીંગ કર્યુ જેનાથી તેની એકાગ્રતા અભ્યાસ પ્રત્યે રૂચિ અને જવાબદારીની સભાનતા વધી. તેને આપણી મેમગ્રો સિરપ પણ રેગ્યુલર લેવડાવી જેથી તેના અભ્યાસમાં ફાયદો જણાયો !

## પીપલ્સ સ્પેસ

આપણી વિશાળ વસ્તી સફાઇ, સુવિધાના અભાવો, અંધવિશ્વાસ, ધાર્મિક માન્યતાઓ, આગળ વધવાની હરીફાઇ તથા માનસિક તણાવ વચ્ચે ઘેરાયેલા લોકોમાં બિમારી થાય તે સર્વ સામાન્ય છે. જ્યારે ઘરમાં બિમારી આવે ત્યારે સરકારી હોસ્પિટલોમાં કે જે જરૂરિયાત કરતાં સંખ્યામાં ઓછી હોવાથી હંમેશા ભરચક રહે ! ત્યાં કામ કરતાં ડૉક્ટર-સ્ટાફ આખા દિવસમાં જમવા કે પાણી પીવા પણ ન પામે. ત્યાં જઇએ એટલે લાંબી લાઇનો તથા તેમના તરફથી થતો વ્યવહાર, લેબોરેટરી – દવાઓ માટેની દોડાદોડ થકવી નાંખે. ખાનગી હૉસ્પિટલોમાં આગળ જણાવ્યું તે મુજબ ભારે ખર્ચા થાય, ક્યારેક તો એવું લાગે કે તમે કોર્ટમાં જાવ કે ડૉક્ટર પાસે જાવ બંનેમાં પરિસ્થિતિ સરખી જ ! તમારો કેસ કોણ કઇ રીતે લડશે, ક્યારે શું પરિણામ આવશે તે ખબર જ ના પડે !

આરોગ્ય ક્ષેત્રે 'સેવા'નો ત્રણ દાયકાથી વધુ અનુભવ રહયો છે. માટે જ, આપણે રોગ અટકાવ, જાગૃતિ પોષક આહાર, ઉપર વધુ કામ કરીએ છીએ. છતાંય, દવા ડૉક્ટર વગર ચાલશે નહિં તે મુદ્દાને ધ્યાનમાં રાખી દવાની દુકાનો, લેબોરેટરી, આર્યુવેદિક ડૉક્ટર દ્વારા સારવાર, રીફર માટે ડૉક્ટરો સાથેના જોડાણો દ્વારા જરૂરિયાત હોય તેમને ગુણવત્તા સભર સારવાર વ્યાજબી ભાવે મળી રહે તેવો પ્રયત્ન કરીએ છીએ. આ બધી સુવિધાઓ ઉપરાંત આપણને થયું કે, જે ફેમીલી ડૉક્ટર, કાઉન્સીલીગનો કોન્સેપ્ટ લગભગ લુપ્ત થઇ ગયો છે તેને આપણે સેવા હેલ્થ દ્વારા આગળ વધારીએ તો ! ખરેખર રોગો થવાના મુખ્ય બે જ કારણ છે. એક આપણું મન અને પેટ ! સાંભળવામાં ખૂબ સરળ લાગે પણ અમલમાં આપણે ચૂકી જઇએ છીએ !

અમે નાના હતા ત્યારે ફેમીલી ડૉક્ટરનો કોન્સેપ્ટ બહુ જ પ્રચલિત હતો. ખૂબ ગંભીર બીમારી માટે જ વિશેષજ્ઞ (એમ.ડી, ડૉક્ટર) પાસે આપણાં ફેમીલી ડૉક્ટર કહે તો જ જવાનું. જ્યારે, આજે જમાનો બદલાઇ ગયો છે કે આપણે બદલ્યો ? ફેમીલી ડૉક્ટરનો કોન્સેપ્ટ જે અનિવાર્ય, તે ઊડી જ ગયો. કાંઇ પણ થાય તે એમ.ડી. ડૉક્ટર અથવા તો તેને લગતાં નિષ્ણાંત ડૉક્ટર પાસે જવાનું...

ખરેખર તો, ફેમીલી ડૉક્ટરના સમયમાં ખૂબ ફાયદો રહેતો ફેમીલી ડૉક્ટર કે જેઓ તમારા કુટુંબનો પૂરો ઇતિહાસ જાણે છે. તેઓ સમય કાઢી તમારી સાથે વાત કરે, સાંત્વન આપે ! રોગના મૂળ કારણ સુધી પહોંચે, સારવારમાં કાઉન્સેલીગ કરે જે અગત્યનો ભાગ છે તે હવે રહયો જ નહિં. આપણે ફેમીલી ડોક્ટર પાસે જઇએ ત્યારે મન ખોલીને વાત કરીએ, આપણી મૂંઝવણ – સવાલોના શાંતિથી જવાબ મળે જ્યારે હાલ તો નિષ્ણાંત ડૉક્ટરોને ત્યાં લાઇનમાં કલાકો બેઠા પછી વારો આવે અને સાહેબને સવાલ પૂછાય ? જેવી માનસિકતા સાથે અસંતુષ્ટ મને બહાર વળી સારવાર પહલા અલગ અલગ લેબોરેટરી રીર્પોટની હારમાળા સાથે એ૪ સાઇઝનું પેપર ભરાઇ જાય તેટલી દવાઓ ! અને સ્વાભાવિક છે, લાખો રૂપિયા ખર્ચી ડૉક્ટર થયા હોય ત્યારબાદ, દવાખાનું ચાલુ કરવાનાં લાખો રૂપિયાનો ખર્ચ... ઉપરાંત, જીવન નિર્વાહનો ખર્ચ ઉમેરતાં ૫૦૦રૂા.થી ૧૦૦૦રૂા. કન્સલટન્સી ચાર્જ દર્દી દીઠ બહુ જ સામાન્ય છે!

'સેવા હેલ્થ માર્ટ' દ્વારા આવનાર વ્યકતને ધ્યાનથી સાંભળી તેમને થતી તકલીફના મૂળમાં જવાનો આપણે પ્રયાસ કરીએ છીએ. તેમના કાઉન્સીલીગ ઉપરાંત તેમની જીવન જીવવાની શૈલીમાં જરૂરી ફેરફાર તથા આર્યુવેદ અને ઘરગથ્થુ ઉપચાર માટે માર્ગદર્શન આપવામાં આવે છે. જ્યાં દવાઓ લેવી અનિવાર્ય છે ત્યાં તેમનો થતો ખર્ચ કેવી રીતે ઘટી શકે તે માટે માહિતી તથા જ્યાં બીજા નિષ્ણાંત ડોકટરના મંતવ્યની જરૂર હોય તો તે સંપર્ક પણ કરી આપવામાં આવે છે.

આપણે 'સેવા હેલ્થ માર્ટ' ઉપર ''મારું શરીર એ જ મારી મૂડી''નું સ્લોગન લખેલ છે. જે આપણે લગભગ ૪૦ વર્ષ પછી સમજી શકીએ છીએ. તેનાં કરતા શરૂઆતથી જ તેની અગત્યતા સમજી આપણાં શરીરરૂપી મૂડીનું જતન કરતા થઇએ તે હેતુથી 'સેવા હેલ્થ માર્ટ'ની વિચાર ધારાનું વિસ્તરણ થાય તે દિશામાં આપણે આગળ વધી રહયા છીએ.

**- મિત્તલ**

## શ્રદ્ધાંજલી



**જમણેથી ઇલાબહેન, શકરીબહેન, લક્ષ્મીબહેન, દેવીબહેન**

પ્રિય શકરીબેન,

અમે તમને શકરી ધૂળાબેન કહેતાં. મેં તમને સહી કરતાં શીખવાડી. તમે, દેવીબેન, લક્ષ્મીટટા અને રેનાબેન આપણે દિલ્હી સાથે ગયા અને સુપ્રિમ કોર્ટમાં માણેકચોકની જગા માટે પી. આઇ. એલ. અરજી કરી. તમે ત્રણેય અંગૂઠા છાપ. આખી રાત તમને જાણે કે બંદૂકની ગોળીએ પોતાનું નામ લખતાં મેં શીખવેલું એ કેમ મારાથી ભુલાય ? બીજે દિવસે સવારે સાડા નવે સુપ્રિમ કોર્ટ પહોંચ્યા. આપણાં વકીલ ઇન્દિરાબેન જેસિંગે અરજી તૈયાર રાખેલી અને તેના પર તમારા ત્રણે પાસે સહી કરાવેલી. અને

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20 Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
22-2-2018

યાદ છેને તમે લખવામાં ભૂલ કરેલી. તમે લખેલું શકરી ધૂળાબેન ! શકરી ધૂળાને બદલે ! તમે તો સદા યાદ રહેશો, પ્રભુ તમારા આત્માને શાંતિ આપે !

**- ઈલા**

**શકરી ધૂળા..**

'સેવા'માં શકરીબેનની ઓળખાણ મને આ જ નામથી થઈ ! માણેકચોક સ્વાભાવિક વેચનાર બજારના માનનીય સુપ્રીમકોર્ટના ઓર્ડરથી ૩૨૩ વેચનારા ને આજીવિકા રળવા વેચવાનો બંધારણીય હક્ક સાબિત થયો. આ કેસમાં લક્ષ્મી ટેટા, દેવીબેન અને શકરી ધૂળા એ પીટીશન ફાઈલ કરેલી...

માણેકચોકમાં જ વેચવા માટેના લાયસન્સ મળ્યા ત્યાર પછી પણ પોલીસ ફરિયાદ નોંધે, સમન્સ કાઢે, પકડવોરંટ કાઢે અને તેમાં નામ હોય ''શકરી ધૂળા''... શકરીબેન આગેવાન, તેમને અને બીજા માણેકચોકનાં વેચનારાને લઈને પોલીસ સ્ટેશને જવાનું, કોર્ટમાં જવાનું, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જવાનું હોય ત્યારે અમે સાથે ને સાથે જ હોઈએ...

માણેકચોક બજારના શકરીબેન મજબૂત આગેવાન રહયાં છે. સંગઠનથી માંડીને હાઈકોર્ટ-સુપ્રીમકોર્ટ, સીટી સિવિલ કોર્ટ બધ્ધે આગેવાન તરીકે, પોતાના માણેકચોકનાં સભ્યોના હક્કો મેળવવા હંમેશા આગળ જ રહયાં છે. લક્ષ્મી ટેટાના બહેનપણી... બન્ને એ ભેગા રહીને હંમેશા વેચનારાનું હિત જોયું. 'સેવા'માં વેચનારાના સંગઠન-ઝુંબેશના પાયામાં શકરીબેન રહયાં છે.

શકરીબેન લીલા ફોલેલાં દાણા બે છાબમાં આર્ટીસ્ટીક રીતે ગોઠવીને વેચે. એ લીલા દાણા પ્રકાશમાં ચમકતાં હોય જેનું પ્રતિબિંબ શકરીબેનના ચહેરા પર પડે.. હંમેશા હસતા.. જ્યારે પણ કામથી માણેકચોક જવાનું થાય ત્યારે આપણને જોઈને ફટાક ઉભા થઈ ને દોડતાં આપણી પાસે આવીને બે હાથ જોડેલાં હોય ને આપણાં હાથમાં મૂકે.. એ હસતો ચહેરો ક્યારેય મારાથી નહી વિસરાય..

આવા નિઃસ્વાર્થ આગેવાનોની શક્તિથી જ સેવા અડીખમ બની ને રહે છે તેમજ વિકસે છે.

પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.. વેચનારાના ઈતિહાસમાં 'શકરી ધૂળા'નું નામ અડીખમ રહેશે..

સલામ શકરીબેનને... સેવાની..

**- મનાલી**

માણેકચોક વિસ્તારમાં શાકભાજીનો ધંધો કરતાં. વેચનારનાં જુના આગેવાન શકરીબેન ધુળાભાઈ ચૌહાણ હંમેશા હસતા અને આગેવાન તરીકે આગળ પડીને 'સેવા'ના દરેક કામોમાં સાથે રહેતા તે પછી સંગઠનનું કામ હોય કે શાંતિપથ કેન્દ્રનું કામ હોય તેમનો સહકાર હંમેશા મળતો તેવા શકરીબેન તા.૧૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ તેમનું અવસાન થયું !

આવા મજબૂત આગેવાનની ખોટ 'સેવા'ને હંમેશા રહેશે.

**- સવિતા પટણી**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-2-2018

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]